જા.ક્ર.મા-૧/૨૦૨૬/ 1724

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૨૭/૦૧/૨૦૨૬.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ.સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના ઉ.મા.પ્ર. પરીક્ષા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પ્રાયોગિક પરીક્ષા-૨૦૨૬માં નોંધાયેલ અલ્પદ્રષ્ટી કે અંધત્વ ધારવનાર દિવ્યાંગ ઉમેદવારને પ્રયોગકાર્યને બદલે એટલા જ ગુણનું 'MCQ TYPE'નું પ્રશ્નપત્ર આપવા બાબતના તા.૨૭/૦૧/૨૦૨૬ના પત્રાંક:મઉમશબ/ક/૨૦૨૬/૨૭૪-૩૨૦ની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

ક્રમાંક:મઉમશબ/ક/૨૦૨૬/૨૭૪-૩૨૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર તા.૨૭/૦૧/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, (તમામ)
ગુજરાત રાજ્ય..

**વિષય:** ઉ.મા.પ્ર. પરીક્ષા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પ્રાયોગિક પરીક્ષા-૨૦૨૬માં નોંધાયેલ અલ્પદ્રષ્ટી કે અંધત્વ ધરાવનાર દિવ્યાંગ ઉમેદવારને પ્રયોગકાર્યને બદલે એટલા જ ગુણનું **'MCQ TYPE'** નું પ્રશ્નપત્ર આપવા બાબત.

**સંદર્ભ:-** અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૫/3380-3414

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે દિવ્યાંગ વિદ્યાર્થીઓને 'દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬' (૨૦૧૬નો ૪૯)ની જોગવાઈઓ અનુસાર દિવ્યાંગ વિદ્યાર્થીને આપવામાં આવતી છૂટછાટ/રાહત અંગેનો પરિપત્ર તા.૨૨/૧૨/૨૦૨૫ના પરિશિષ્ટ-૧ના અનુક્રમ નંબર-૬ની જોગવાઈ **"જે દિવ્યાંગ પરીક્ષાર્થી પ્રાયોગિક પરીક્ષામાં પ્રયોગકાર્યને બદલે 'MCQ TYPE'નું વૈકલ્પિક પ્રશ્નપત્ર રાખવા માંગતા હોઈ તેમણે પરીક્ષા શરૂ થવાના ઓછામાં ઓછા પંદર દિવસ પૂર્વે ધોરણ-૧૧માં શાળાના આચાર્યશ્રીને અને ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને રજૂઆત કરવાની રહેશે, અન્યથા લહિયા/સહાયકની મદદથી પ્રયોગકાર્ય કરવાનું રહેશે."** અન્વયે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પ્રાયોગિક પરીક્ષા-૨૦૨૬માં ઉપસ્થિત થનાર અલ્પદ્રષ્ટી કે અંધત્વ ધરાવનાર દિવ્યાંગ ઉમેદવાર આ સુધારેલ જોગવાઈનો લાભ લેવા ઈચ્છતા હોય તો તેવા ઉમેદવારોની વિગત જરૂરી આધાર-પૂરાવા તપાસી પ્રયોગકાર્યને બદલે એટલા જ ગુણનું **'MCQ TYPE'** નું પ્રશ્નપત્ર આપવાની મંજુરી આપી તા.૩૦/૦૧/૨૦૨૬ સુધીમાં અત્રેની કચેરીના ઈ-મેઈલ એડ્રેસ gsebhscscience2025@gmail.com પર જાણ કરવા જણાવવામાં આવે છે.

(ડૉ. એન.ડી.પટેલ)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

<u>બિડાણ :-</u> અત્રેની કચેરીનો તા.૨૨/૧૨/૨૦૨૫નો પરિપત્ર

**<u>નકલ સવિનય રવાના : (જાણ સારૂ)</u>**

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- માન. નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- માન. સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

e:\kamlesh\letter\deo letter.docx

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૫/3360-3414
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર તા.૨૨/૧૨/૨૦૨૫

પ્રતિ,
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, (તમામ)
ગુજરાત રાજ્ય..

**વિષય:** 'દિવ્યાંગ વિદ્યાર્થીઓને દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬'ની જોગવાઈ અનુસાર દિવ્યાંગ વિદ્યાર્થીને આપવામાં આવતી છૂટછાટ/રાહત અંગે.

**સંદર્ભ:-**
1. THE RIGHTS OF PERSONS WITH DISABILITIES ACT-2016 (NO:49 OF 2016)
2. શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના પરિપત્ર ક્રમાંક: પીઆરઈ/૧૦૨૦/૮૭૧/ક, તા.30/06/૨૦૧૭
3. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/2500-33, તા.૨૫/૦૯/૨૦૧૭
4. ભારત સરકાર દ્વારા તા.૨૯/૦૮/૨૦૧૮ના રોજ F.NO.34-02/2015-DD-III થી જાહેર કરેલ ઓફિસ મેમોરેન્ડમ.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરીના સંદર્ભદર્શિત પત્રનંબર-3 થી ધોરણ-૯ થી ૧૨ના દિવ્યાંગ વિદ્યાર્થીઓને 'દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬' (૨૦૧૬નો ૪૯)ની જોગવાઈઓ અનુસાર વિશેષ સવલતો આપવા અંગે તા.૨૫/૦૯/૨૦૧૭ના રોજ પરિપત્ર જાહેર કરેલ. તે ઉપરાંત સંદર્ભ-૪ને ધ્યાને લઈ દિવ્યાંગ વિદ્યાર્થીની પરીક્ષા સંબંધી જોગવાઈઓમાં આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબ છૂટછાટ/રાહત આપવામાં આવે છે. જે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં નોંધાયેલ તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને (ધોરણ-૯ થી ૧૨) માટે અમલી રહેશે.

# પરિશિષ્ટ - ૧

| અનુક્રમ નંબર | દિવ્યાંગ વિદ્યાર્થીનાં અધિકાર | જોગવાઈ |
|---|---|---|
| ૧ | દિવ્યાંગતાનું પ્રમાણપત્ર | 1. **દિવ્યાંગતા પ્રમાણપત્ર (DISABILITYCERTIFICATE):-** 'દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬'ના શીડ્યુલમાં સામેલ દિવ્યાંગતા (DISABILITY) અંગે આરોગ્ય વિભાગ દ્વારા નિયત કરેલ **સક્ષમ તબીબી સત્તાધિકારી/સંસ્થા**, જેમકે;<br>I. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ સક્ષમ તબીબી સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગતા પ્રમાણપત્ર;<br>II. ભારત સરકાર દ્વારા સક્ષમ તબીબી સત્તાધિકારી તરીકે નિયત કરેલ હોસ્પિટલના ચીફ મેડિકલ ઓફિસર/ સિવિલ સર્જન/ મેડિકલ સુપરીન્ટેન્ડન્ટ દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગતા પ્રમાણપત્ર (DISABILITY CERTIFICATE);<br>III. રાષ્ટ્રીય કક્ષાની રેકગ્નાઈઝ સંસ્થા, જેમ કે;નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈંડ, SPASTIC SOCIETY OF INDIA, ઇત્યાદિ દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગતા પ્રમાણપત્ર (DISABILITY CERTIFICATE);<br>iv. ગુજરાત સરકાર દ્વારા માન્ય અન્ય કોઈ સંસ્થાના સક્ષમ તબીબી સત્તાધિકારી; દ્વારા આપવામાં આવેલ **'દિવ્યાંગતા પ્રમાણપત્ર (DISABILITY CERTIFICATE)'.** |
| ૨ | લહિયા (રાઈટર)/વાચક (રીડર)ની સેવા | (I) લખવામાં અસમર્થ હોય તેવા દિવ્યાંગ વિદ્યાર્થી ઈચ્છે તો તેઓને 'લહિયા' (રાઇટર)ની સેવાની મંજૂરી ,સ્થાનિક પરીક્ષામાં શાળા કક્ષાએ તેમની શાળાના આચાર્યશ્રી આપશે, જયારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની જાહેર પરીક્ષામાં આ મંજૂરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આપશે..<br>(II) દિવ્યાંગ વિધાર્થીને તેનાથી એક ધોરણ નીચેનો પોતાની પસંદનો, પોતાની અથવા અન્ય શાળાનો, વિધાર્થી 'લહિયા' તરીકે રાખી શકશે. |

| | | |
|---|---|---|
| | | (III) દિવ્યાંગ વિદ્યાર્થી લેખિત પરીક્ષાના તમામ વિષયો માટે એક જ વિદ્યાર્થીને લહિયા તરીકે રાખવાનો રહેશે. તેમ છતાં વિદ્યાર્થીની રજૂઆતના આધારે ખાસ કરીને ભાષાના પ્રશ્નપત્રો માટે એક થી વધારે લહિયો રાખવાની છૂટછાટ મળશે, જોકે એક વિષય માટે એક જ લહિયો મળશે. જ્યારે લહિયો બદલવાનો થાય ત્યારે અન્ય કોઈ આવા જ વિદ્યાર્થીને લહિયા તરીકે નિયુક્ત કરવાની મંજૂરી ધોરણ-૯ અને ૧૧ માં શાળાના આચાર્ય અને ધોરણ-૧૦ અને ૧૨ માં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આપવાની રહેશે.<br>(IV) કોઈ દિવ્યાંગ વિદ્યાર્થી વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષામાં લહિયા/સહાયકની સેવાની માંગણી કરે તેવા કિસ્સામાં ધોરણ-૧૧માં શાળાના આચાર્યશ્રીએ અને ધોરણ-૧૨માં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા લહિયા/સહાયકની મંજૂરી આપવાની રહેશે.<br>(V) જે દિવ્યાંગ વિદ્યાર્થીને વાંચવામાં કે સમજવામાં સમસ્યા છે તેવા દિવ્યાંગ વિદ્યાર્થી ઈચ્છે તો તેઓને પરીક્ષા દરમિયાન રીડર (વાચક/કથક)ની સેવાની મંજૂરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આપશે. પરંતુ આ રીતે નિયુક્ત થયેલ રીડર (વાચક/કથક) માત્ર પ્રશ્નપત્ર વાંચવા માટે મદદરૂપ થશે; લહિયા તરીકેની ભૂમિકા અદા નહિ કરી શકે.<br>(VI) દિવ્યાંગ વિદ્યાર્થી લહિયો અથવા વાચક બંને પૈકી કોઈ એક જ સેવાની માંગણી કરી શકશે.<br>(VII) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની જાહેર લેખિત પરીક્ષામાં દિવ્યાંગ વિદ્યાર્થી પોતાની પસંદગીનો લહિયો / વાચક ન રાખતા, જો જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસે લહિયો / વાંચકની વ્યવસ્થા કરવાની માંગણી કરે તો જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા કોઈપણ ખર્ચ લીધા વિના લહિયા/વાચકની સેવા ઉપલબ્ધ કરાવવાની રહેશે..<br>(VIII) લહિયા/વાચકની સેવા સરળતાથી અને સમયસર ઉપલબ્ધ થાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કાર્યવાહી કરવાની રહેશે તથા લહિયા/વાચક તરીકે સ્વૈચ્છિક સેવા આપવા માંગતા લાયકાત ધરાવતા |

| | | |
|---|---|---|
| | | લહિયા/વાચકની યાદી અગાઉથી તૈયાર રાખવાની રહેશે. દિવ્યાંગ વિદ્યાર્થી દ્વારા લહિયા/વાચકની માંગણી આવે તો પરીક્ષાના એક સપ્તાહ પૂર્વે, આવા દિવ્યાંગ વિદ્યાર્થી પોતાના લહિયા/વાચકને મળી શકે અને તેની સાથે વાતચીત અને ચર્ચા કરી શકે તેવી વ્યવસ્થા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા કરવામાં આવશે. |
| ૩ | પરીક્ષા દરમિયાન કોમ્પ્યુટર/લેપટોપનો ઉપયોગ | **1.** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની લેખિત જાહેર પરીક્ષામાં સંપૂર્ણ અંધ કે અલ્પદ્રષ્ટી ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીની કોમ્પ્યુટર/લેપટોપની ખરેખર જરૂરીયાત અંગે સક્ષમ તબીબી સત્તાધિકારી દ્વારા મળેલ પ્રમાણપત્રના આધારે તેનો ઉપયોગ કરવા પરીક્ષાના પંદર દિવસ અગાઉ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને રજૂઆત કરવાની રહેશે.<br>**2.** જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દિવ્યાંગ વિદ્યાર્થીને બ્રેઇલલિપિ લોડ કરેલું સોફ્ટવેરયુક્ત કોમ્પ્યુટર/લેપટોપ વાપરવાની પરવાનગી આપે તેવા કિસ્સામાં, દિવ્યાંગ વિદ્યાર્થીએ પોતે કોમ્પ્યુટર/લેપટોપની વ્યવસ્થા કરવાની રહેશે.<br>**3.** પરીક્ષામાં ઉપયોગમાં લેવાનાર કોમ્પ્યુટર/લેપટોપમાં ઓપરેટીંગ સીસ્ટમ તથા બ્રેઇલલિપિના સોફ્ટવેર સિવાય અન્ય કોઈ સોફ્ટવેર કે ડેટા ન હોય તથા ઈન્ટરનેટ કનેક્ટિવિટી ન ધરાવતા હોય તે સુનિશ્ચિત કરાવવા કોમ્પ્યુટર/લેપટોપ ત્રણ દિવસ પૂર્વે પરીક્ષા કેન્દ્રમાં જમા કરાવવાનું રહેશે તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કોમ્પ્યુટરના તજજ્ઞ દ્વારા આ બાબત સુનિશ્ચિત કરાવવાની રહેશે. |
| ૪ | પરીક્ષાનો સમય | દિવ્યાંગ વિદ્યાર્થીને પ્રશ્નપત્રના દરેક કલાકે ૨૦ મિનિટનો વળતર સમય (Compensatory Time) આપવામાં આવશે. એટલે કે એક કલાકના પ્રશ્નપત્ર માટે ૨૦ મિનિટ, બે કલાકના પ્રશ્નપત્ર માટે ૪૦ મિનિટ અને ત્રણ કલાકના પ્રશ્નપત્ર માટે ૬૦ મિનિટનો વળતર સમય (Compensatory Time) આપવામાં આવશે. આ વળતર સમય તમામ દિવ્યાંગ વિદ્યાર્થીને, લહિયાની મદદ લે અથવા ન લે તો પણ, આપવામાં આવશે. |

| | | |
|---|---|---|
| ૫ | પ્રશ્નોના પ્રકારમાં છૂટછાટ | અલ્પદ્રષ્ટી કે અંધત્વ ધરાવનાર વિદ્યાર્થીઓ માટે પરીક્ષામાં આકૃતિ, નકશા અને ગ્રાફ દોરવાનાં હોય તેવા પ્રશ્નોમાં અન્ય વૈકલ્પિક પ્રશ્નો આપવામાં આવશે. |
| ૬ | પ્રાયોગિક કાર્યને બદલે અલગ પ્રશ્નપત્ર | અલ્પદ્રષ્ટી કે અંધત્વ ધરાવનાર ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓની રજૂઆતના આધારે પ્રાયોગિક પાસું ધરાવતાં વિષયો જેવા કે રસાયણ વિજ્ઞાન પ્રાયોગિક, ભૌતિક વિજ્ઞાન પ્રાયોગિક અને જીવ વિજ્ઞાન પ્રાયોગિકમાં પ્રયોગકાર્યને બદલે એટલા જ ગુણનું **'MCQ TYPE'** નું પ્રશ્નપત્ર આપવામાં આવશે. ધોરણ-૧૧ વિજ્ઞાનપ્રવાહમાં શાળા કક્ષાએ ઉપરોક્ત પ્રાયોગિક વિષયો માટે પ્રયોગકાર્યને બદલે એટલા જ ગુણનું **'MCQ TYPE'** નું પ્રશ્નપત્ર આપવાનું રહેશે.<br>જે દિવ્યાંગ પરીક્ષાર્થી પ્રાયોગિક પરીક્ષામાં પ્રયોગકાર્યને બદલે 'MCQ TYPE'નું વૈકલ્પિક પ્રશ્નપત્ર રાખવા માંગતા હોઈ તેમણે પરીક્ષા શરૂ થવાના ઓછામાં ઓછા પંદર દિવસ પૂર્વે ધોરણ-૧૧માં શાળાના આચાર્યશ્રીને અને ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને રજૂઆત કરવાની રહેશે, અન્યથા લહિયા/સહાયકની મદદથી પ્રયોગકાર્ય કરવાનું રહેશે. |

<u>નોંધ</u> :- (૧) સદર જોગવાઈ શૈક્ષણિક વર્ષ-૨૦૨૫-૨૬ થી ધોરણ-૯ થી ધોરણ-૧૨ માટે અમલમાં આવશે.

(૨) આ પૂર્વે બોર્ડ દ્વારા દિવ્યાંગ વિદ્યાર્થીનાં અધિકાર બાબતે આપેલ વખતોવખતની સૂચનાઓ/જોગવાઈઓ પૈકી આ પરિપત્રને સુસંગત અને આ પરિપત્રમાં જોગવાઈ નહીં કરેલ તમામ સૂચનાઓ/જોગવાઈઓ યથાવત અમલમાં રહેશે.

ઉપરોક્ત વિગતો આપના જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને (ધોરણ-૯ થી ૧૨) જાણ તથા અમલ સારુ મોકલી આપવાની રહેશે.

(આર. આર. વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ સવિનય રવાના: (જાણ સારૂ)**

- માન. કોર્ટ ઓફ કમિશ્નર, (દિવ્યાંગ વ્યક્તિઓ માટેના) ગુજરાત રાજ્ય
- અંગત સચિવ. માન. અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકાર

**નકલ સવિનય રવાના:**

- માન.અગ્રસચિવશ્રી, શિક્ષણ; બ્લોક નં-૫, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- માન. કલેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય (તમામ), જિલ્લા પરીક્ષા સમિતિની બેઠક દરમિયાન દિવ્યાંગ વિદ્યાર્થીની વ્યવસ્થા બાબતે સમીક્ષા કરવા સારુ.
- માન. નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**નકલ રવાના: (જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ)**

- નાયબ નિયામકશ્રી-પરીક્ષા (વિજ્ઞાન પ્રવાહ), ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- નાયબ નિયામકશ્રી-પરીક્ષા (સામાન્ય પ્રવાહ), ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- નાયબ નિયામકશ્રી-પરીક્ષા (માધ્યમિક), ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

| dist code | dist name | sch ind | sid no | stud name | handicapid | studblnd_perc | COUNT |
|---|---|---|---|---|---|---|---|
| 3 | AMRELI | 03.0209 | 26V-114778 | VISHWA UMESHBHAI UPADHYAY | Visual Impairment - Blindness Disability | 40 | 1 |
| 3 | AMRELI | 03.0367 | 26V-114862 | SUMITBHAI NAGJIBHAI VALA | Visual Impairment - Blindness Disability | 60 | 1 |
| 9 | PANCHMAHAL | 09.0004 | 26V-123304 | PRAVINKUMAR NATHABHAI TAVIYAD | Visual Impairment - Low Vision Disability | 40 | 1 |
| 10 | BANASKANTHA | 10.0366 | 26V-129104 | NIRALIBEN KANTIBHAI SUTHAR | Visual Impairment - Blindness Disability | 50 | 1 |
| 10 | BANASKANTHA | 10.0400 | 26V-129332 | TUSHARKUMAR SURESHKUMAR SOLANKI | Visual Impairment - Low Vision Disability | 40 | 1 |
| 12 | BHAVNAGAR | 12.0118 | 26V-135668 | SHUBHAMKUMAR RAMESHKUMAR PATEL | Visual Impairment - Low Vision Disability | 40 | 1 |
| 12 | BHAVNAGAR | 12.0168 | 26V-136645 | KRUTIKA RAMKRUSHNABHAI DAVE | Visual Impairment - Low Vision Disability | 80 | 1 |
| 13 | MAHESANA | 13.0028 | 26V-141616 | MOREHAN ILIYASBHAI SACHORA | Visual Impairment - Low Vision Disability | 40 | 1 |
| 13 | MAHESANA | 13.0159 | 26V-142652 | DAXKUMAR VASANTKUMAR PATEL | Visual Impairment - Low Vision Disability | 40 | 1 |
| 14 | RAJKOT | 14.0704 | 26V-151027 | KHUSHI ANKUR RAJDEV | Visual Impairment - Blindness Disability | 90 | 1 |
| 15 | VADODARA | 15.0078 | 26V-152694 | VRUNDA SUJITKUMAR SOLANKI | Visual Impairment - Low Vision Disability | 60 | 1 |
| 15 | VADODARA | 15.0112 | 26V-153179 | GAMBHIR UMASHANKAR YADAV | Visual Impairment - Low Vision Disability | 80 | 1 |
| 15 | VADODARA | 15.0434 | 26V-156540 | DHWANI JIGNESH PRAJAPATI | Visual Impairment - Low Vision Disability | 100 | 1 |
| 18 | SURAT | 18.0347 | 26V-173936 | MANISH RAMBIR CHAURASIYA | Multiple Disability including Blindness or Low Vision and Hearing Impairment or Speech and Language Disability | 68 | 1 |
| 18 | SURAT | 18.0678 | 26V-178410 | AKSH MANHARSINH HADA | Visual Impairment - Low Vision Disability | 40 | 1 |
| 23 | NAVSARI | 23.0041 | 26V-190399 | HENIL VIRALKUMAR SHETH | Visual Impairment - Blindness Disability | 50 | 1 |
| 23 | NAVSARI | 23.0123 | 26V-192148 | KRUSH MUKESHBHAI PATEL | Visual Impairment - Low Vision Disability | 40 | 1 |
| 23 | NAVSARI | 23.0222 | 26V-193915 | HARSHAL KALPESHKUMAR PATEL | Visual Impairment - Low Vision Disability | 40 | 1 |
| 24 | DAHOD | 24.0244 | 26V-195152 | RESHAMBEN GOPALBHAI RATHVA | Visual Impairment - Low Vision Disability | 40 | 1 |
| 25 | PORBANDAR | 25.0081 | 26V-196167 | HITESH VEJANANDBHAI GODHANIYA | Visual Impairment - Low Vision Disability | 50 | 1 |
| 29 | ARAVALLI (MODASA) | 29.0020 | 26V-202957 | SANIYAN VIKRANTKUMAR PATEL | Multiple Disability including Blindness or Low Vision and Hearing Impairment or Speech and Language Disability | 60 | 1 |
| 29 | ARAVALLI (MODASA) | 29.0058 | 26V-203406 | BIBIMARIYAM NASIRHUSEN SHAIKH | Visual Impairment - Low Vision Disability | 40 | 1 |
| 34 | MAHISAGAR (LUNAVADA) | 34.0146 | 26V-209283 | MINAXIBEN DHIRJIBHAI RAJAT | Visual Impairment - Blindness Disability | 100 | 1 |